# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૧૪૪,
# તા. ૧૯૮૮, પ્રવચન LA204

શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર તેનો કર્તા-કર્મ અધિકાર છેલ્લી ૧૪૪ મી ગાથા આવે છે એનું મથાળું. **પક્ષાતિક્રાંત જ સમયસાર છે**, એટલે વિકલ્પ ટળીને નિર્વિકલ્પ આત્માનો જે પ્રત્યક્ષ અનુભવ થાય તેને સમયસાર એટલે શુધ્ધાત્મા કહેવામાં આવે છે. **એમ નિયમથી ઠરે છે. પક્ષાતિક્રાંત જ સમયસાર છે, એમ નિયમથી ઠરે છે**. વિકલ્પ કર્યા કરે શુધ્ધાત્માનો એમાં શુધ્ધાત્માનો અનુભવ થતો નથી એમાં નિયમ નથી. આમાં નિયમ છે. પક્ષાતિક્રાંત થાય એટલે અનુભવ થાય, થાય ને થાય જ.

**सम्मद्दंसणणाणं एसो लहदि त्ति णवरि ववदेसं ।**
**सव्वणयपक्खरहिदो भणिदो जो सो समयसारो ।।१४४।।**
**સમ્યકત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૪.**

જુઓ! આમાં અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. સમ્યકચારિત્ર પ્રગટ થતું હોવા છતાં સ્વરૂપાચરણ ચારિત્રને ચારિત્ર ગણવામાં આવતું નથી. ગૌણપણે ગણવામાં આવે છે. મુખ્યપણે તો છઠા, સાતમામાં ચારિત્ર હોય છે. એટલે અહીંયા બે ભાવ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. સમ્યકચારિત્ર પ્રગટ થાય છે ખરું. પણ એ અહીંયા ગૌણ ગણવામાં આવ્યું છે. મુખ્યપણે અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થાય છે પણ એટલી લીનતા નથી કે જેનું નામ ચારિત્ર કહી શકાય. બહુ મુદ્દાની વાત છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય એની સાથે એવી લીનતા નથી થતી કે જેનું નામ ચારિત્ર કહી શકાય. અંશે ચારિત્ર છે. ત્રણ અંશ પ્રગટ તો થાય છે. પણ અહીંયા અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ કરતી વખતે, થતી વખતે એવી લીનતા નથી આવતી. આંશિક લીનતા આવે છે. એટલે એને અહીંયા ચારિત્ર શબ્દ ન ઉમેરતા આ ગાથામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. નામ જુદા હોવા છતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તે પોતે આત્મા છે. એમ કહેશે.

**ગાથાર્થ :- જે સર્વ નયપક્ષોથી રહિત**, કોઈ પણ નયનો વિકલ્પ રહેતો નથી, નિશ્ચયનો, વ્યવહારનો, પ્રમાણનો કોઈ વિકલ્પ. **જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે. 'भणितः' કહેવામાં આવ્યો છે તે સમયસાર છે.** આહાહા! તેનું નામ શુધ્ધાત્માનો અનુભવ છે. ખરેખર તે સમયસાર છે, એમ. નિર્વિકલ્પ ધ્યાનમાં જ્યારે આવે, વિકલ્પ કોઈપણ પ્રકારના નયના ઉઠે નહીં, એવી એક દશા આવે છે. તેને પરમાત્મા શુધ્ધાત્માનો અનુભવ કહે છે. તેનું નામ સમયસાર એટલે શુધ્ધાત્મા છે. આને જ આવા અનુભવરૂપ શુધ્ધાત્માની દશાને જ, **(-સમયસારને જ) કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા** એટલે **નામ મળે છે**. આવા શુધ્ધાત્માના અનુભવરૂપે આત્મા પરિણમે છે. તો એ વખતે એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તે નામને પ્રાપ્ત થાય છે.

'**सम्यग्दर्शनज्ञानम्**' ચારિત્ર શબ્દ વાપર્યો નથી. અને પહેલો સમ્યગ્દર્શન વાપર્યો. જ્ઞાન ન વાપરતાં પહેલો સમ્યગ્દર્શન વાપર્યો છે. 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ' એમાં બે જ પદ લીધા. સમ્યગ્દર્શન, જ્ઞાન. **નામ જુદા હોવા છતાં,** એમકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ નામ જુદા હોવા છતાં **વસ્તુ એક જ છે.** વસ્તુ કોઈ જુદી જુદી નથી.

મુમુક્ષુ: એટલે એક આત્માના જ બે નામ છે, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન.

પૂ. લાલચંદભાઈ: એક આત્મા છે એના બે નામ સમ્યગ્દર્શન કહો તો પણ આત્મા, સમ્યગ્જ્ઞાન કહો તો પણ આત્મા. કેમકે સમ્યગ્દર્શનથી આત્મા અનન્ય છે અને સમ્યગ્જ્ઞાનથી પણ આત્મા અનન્ય છે. સમ્યગ્દર્શન આત્માથી ભિન્ન નથી. સંજ્ઞા ભેદે ભેદ છે, નામ ભેદે ભેદ છે. પણ વસ્તુ તો અભેદ એક છે. અભેદનયે તેને આત્મા કહેવાય, ભેદનયે સમ્યગ્દર્શન કહેવાય. સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું તેને ભેદનયે જ્ઞાન કહેવાય અને અભેદનયે તેને આત્મા કહેવાય. એમ. ભેદનયે ભેદ છે પણ અભેદનયથી જોતાં તે આત્મા જ છે. કેમકે અનુભવના કાળમાં એ ભેદ હોવા છતાં ભેદ દેખાતો નથી. એ અનન્યપણે અનુભવ થાય છે, આત્માનો અનુભવ અનન્યપણે અનુભવ થાય છે. ૬:૫૫ અન્યનું શ્રદ્ધાન અનન્યનું જ્ઞાન સમય એક છે. આહા!

જુઓ! અહીંયા એ વાત કરી કે સમયસાર એટલે શુદ્ધાત્મા છે તો બધાની પાસે પણ અમે એને સમયસાર નથી કહેતા. નયપક્ષથી અતિક્રાંત થઈને જે શુદ્ધાત્માનો અનુભવ થયો એનું નામ સમયસાર, એનું નામ આત્મા છે, એમ. ઓલો આત્મા તો અભવિ પાસે છે પણ તેમાં પ્રયોજનની કાંઈ સિદ્ધિ ન થઈ. તો અનુભવમાં આવે એટલે અનુભવરૂપ પરિણમે એટલે એ ધ્યેયનું ધ્યાન કરીને ધ્યાતા થાય. એમ. તેનું નામ અમે સમયસાર કહીએ છીએ. મૂળમાં દોઢ લીટીમાં એ વાત કરી.

પક્ષાતિક્રાંત થયો, સર્વ નયપક્ષથી રહિત થયો એને ભગવાન સમયસાર કહે છે. અનુભવ થયો એનું નામ સમયસાર છે, એમ. હવે જે અનુભવ થયો અને સમયસર થયો, શુદ્ધાત્માની પ્રાપ્તિ થઈ એમાં એ સમયસારને જ, **આને જ** એટલે આત્માને જ, એ આત્માના બે નામ છે. આત્મા એક છે એના નામ બે છે. જુઓ! **આને જ, 'एषः'** એમ. આવો જે સમયસાર અનુભવમાં આવ્યો પ્રત્યક્ષ, **આને જ**, આને જ નો અર્થ કર્યો. સમયસારને જ, એટલે પરિણામી આત્માને, શુદ્ધ પર્યાય પરિણત આત્મદ્રવ્યને જ, એમ.

**કેવળ,** આહાહા! **સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી સંજ્ઞા મળે છે.** આ આવો જે પરિણમે તેને જ કેવળ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. જે શુદ્ધાત્માને અનુભવતો નથી અને સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરે છે અને છ દ્રવ્યનું જ્ઞાન કરે છે એનું નામ અમે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન કહેતા નથી. એમ આમાં નિષેધ કર્યો. જે શુદ્ધાત્માને અનુભવે છે અને વિકલ્પાતીત થઈને એવો નિર્વિકલ્પ ધ્યાનમાં અનુભવ થયો એવા આત્માનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે.

નવતત્ત્વના શ્રદ્ધાનરૂપે પરિણમે વિકલ્પરૂપે અને છ દ્રવ્યના જ્ઞાનરૂપે પરિણમે તેને અમે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહેતા નથી. શુદ્ધાત્માના અનુભવવાળા જીવને, આહાહા! **આને જ**, એવા આત્માને જ, એ આત્માના બે નામ-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એવા નામ મળે છે એને. પછી કહે છે કૌંસમાં **નામ જુદા હોવા છતાં વસ્તુ એક જ છે**. એ અંદરમાંથી ટીકામાંથી કાઢ્યું છે. એ જે ભાવાર્થ

અન્વયાર્થમાં છે ને? એ બરાબર છે, એ આવશે અંદર.

હવે કહે છે, **ટીકા:- જે ખરેખર,** ખરેખર એટલે નિશ્ચયથી પરમાર્થદ્રષ્ટિથી જોવામાં આવે તો **સમસ્ત** એટલે બધા **નયપક્ષો** એટલે રાગ, નયપક્ષો એટલે રાગ અને ઇન્દ્રિયજ્ઞાન, ખંડજ્ઞાન બેય. સમસ્ત પ્રકારનું ઇન્દ્રિયજ્ઞાન અને સમસ્ત પ્રકારનો રાગ. સ**મસ્ત નયપક્ષો વડે ખંડિત નહીં થતો હોવાથી**, એ તો અખંડિત છે. ગમે તેટલા નયપક્ષો ઉઠાવે તો પણ આત્મા ખંડરૂપ થતો નથી. અખંડિત રહે છે.

મુમુક્ષુ: નયપક્ષથી રહિત છે ને એટલે ખંડિત થતો નથી.

ઉત્તર :- હા, નયપક્ષથી રહિત છે. નયપક્ષથી સહિત હોય તો ખંડિત થાય. વસ્તુ તો નયપક્ષથી રહિત છે. એટલે ખંડિત થતો નથી. નયપક્ષથી ગમે તેટલી વાત કરે આત્મામાં જ્ઞાન છે, દર્શન છે ચારિત્ર છે. નયપક્ષથી વાત કરી પણ આત્મા કાંઇ ખંડિત થઇ ગયો? નયથી બીજાને સમજાવવા માટે કહ્યું કે જ્ઞાન, દર્શન ને ચારિત્ર આત્મા છે. તો એ આત્મા કાંઇ ત્રણરૂપે થતો નથી, આત્મા તો અભેદ એકરૂપ છે. એ ખંડિત થતો નથી, ગમે તેટલા નયના વિકલ્પો ઉત્પન કરે તો પણ ખંડિત થતો નથી. ન ખંડયામી. ન દ્રવ્યે ખંડયામી, ન ક્ષેત્રે ખંડયામી, ન કાળે ખંડયામી, ન ભાવે ખંડયામી. ત્રિકાળી દ્રવ્ય પણ ખંડિત થતું નથી, ધ્યેય અને જ્ઞેય પણ ખંડિત થતું નથી. અનુભવ થઈ ગયો પછી વિકલ્પ ઉઠે છે.

મુમુક્ષુ: પછી ખંડિત થતો નથી.

પૂ. લાલચંદભાઈ: હં.. પછી ખંડિત થાય છે ઈ? એ તો જે છે એ છે. પરિણમે છે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે. એમ. ખંડિત થતો નથી. એટલે મિથ્યાત્વનો દોષ કાંઇ પછી લાગતો નથી અનુભવ થયા પછી. એક વખત અનુભવ થઇ જાય એટલે બસ. **નહીં થતો હોવાથી જેનો**, છે ને? **નહીં થતો હોવાથી જેનો સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે.** જો **સમસ્ત**-બધા પ્રકારના **વિકલ્પોનો**, બધા પ્રકારના વિકલ્પોનો અભાવ થયો એમ લખ્યું નથી.

**સમસ્ત વિકલ્પોનો વ્યાપાર** થોડા ટાઇમ માટે અટક્યો છે. સમ્યગ્દર્શનના કાળમાં વિકલ્પોનો અભાવ નથી થતો. બહુ મહત્વની વાત છે. સમ્યગ્દર્શન, જ્ઞાનનો જન્મ થાય છે તે કાળની વાત કરે છે. બધા પ્રકારના વિકલ્પો શાંત થાય છે. અને આત્માનો, શુદ્ધાત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય છે. એ વખતે બુદ્ધિપૂર્વક જે વિકલ્પો ઉત્પન્ન થતાં હતા એનો વ્યાપાર અટકી ગયો છે. ઉપયોગરૂપ વ્યાપાર બંધ થઇ ગયો છે અને ઇન્દ્રિયજ્ઞાન હોવાથી અબુદ્ધિપૂર્વક ભલે અંદરમાં રાગ ઉત્પન્ન થાય પણ એ આને નડતો નથી. વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે.

મુમુક્ષુ: વ્યાપાર એટલે ઉપયોગ.

પૂ. લાલચંદભાઈ: ઉપયોગાત્મક જે વિકલ્પ હતો એ અટકી ગયો છે. કેવળજ્ઞાન નથી થયું. અતીન્દ્રિયજ્ઞાન પ્રગટ થયું છે. ઇન્દ્રિયજ્ઞાન હજી લબ્ધરૂપ છે. લબ્ધમાં ભલે ગમે તેટલું હોય અંદરમાં, તેની સાથે કાંઇ સંબંધ નથી. પણ વિકલ્પોનો વ્યાપાર જે ઉપયોગમાં વિકલ્પ ઉત્પન્ન થતો હતો અને બુદ્ધિગોચર હતો એવો વિકલ્પનો વ્યાપાર અટકી ગયો છે. ક્ષણભર એક ક્ષણમાત્ર પણ અનુભવ જ્યારે થાય છે ત્યારે કોઇપણ પ્રકારના વિકલ્પ ઉત્પન્ન થતાં નથી. બસ. તેને પક્ષાતિક્રાંત,

વિકલ્પાતીત, વચનાતીત, શબ્દાતીત, આહાહા! કોઈ એમ કહે કે જ્ઞાનાતીત તો પણ બરાબર છે. જ્ઞાનાતીત એટલે ઇન્દ્રિયજ્ઞાન એમ કોઈ કદાચ સાધક કહે તો એમાં દોષ નથી. આહા!

**સમસ્ત વિકલ્પોનો વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે**. આનું નામ અનુભૂતિ છે આત્માની, લ્યો! જે ઉપરમાં કહ્યું હતું ને? જે સર્વ નયપક્ષોથી રહિત કહેવામાં આવ્યો છે **તે સમયસાર છે**. એટલાની વ્યાખ્યા કરી. હેં! એ પદની વ્યાખ્યા કરી.

મુમુક્ષુ: અટકી ગયો છે એનો અર્થ એ છે કે પૂર્ણ જ્ઞાન પ્રગટ ન થયું હોય, એટલે સવિકલ્પદશા પાછી આવવાની છે.

પૂ. લાલચંદભાઈ: આવવાની છે. હા, સવિકલ્પદશા થોડીક વાર પછી આવશે. એટલે વિકલ્પ અટકી ગયો છે અને પાછો વિકલ્પનો વ્યાપાર ચાલુ થાશે. હમણાં અટકી ગયો છે. ધ્યાનના કાળમાં, નિર્વિકલ્પધ્યાનના કાળમાં એ વિકલ્પનો વ્યાપાર બંધ થઈ ગયો છે અને નિર્વિકલ્પધ્યાનનો વ્યાપાર ચાલુ થયો છે. વિકલ્પનો વ્યાપાર બંધ થયો છે અને નિર્વિકલ્પધ્યાનનો વ્યાપાર ચાલુ થયો છે નવો, અનંતકાળથી નહીં થયેલો એવો. એમ. વ્યાપાર તો છે પણ હવે નિર્વિકલ્પ ધ્યાનનો વ્યાપાર ચાલુ થયો છે. ત્યારે વિકલ્પ વિલય પામે છે. 'મન પામે વિશ્રામ' કોઈ વિકલ્પ રહેતા નથી.

અને પછી વિકલ્પ ઉત્પન્ન થાય, પછી વિકલ્પ ઉત્પન્ન થાય એ ચારિત્રના દોષમાં જાય છે. એ વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાનનો ઘાતક નથી. અને ચારિત્રનો ઘાતક જરૂર છે આગળ-આગળ. જેટલું ચારિત્ર પ્રગટ થયું એટલો તો છે, આગળના ચારિત્રનો બાધક છે વિકલ્પ, પણ વર્તમાન સમ્યગ્દર્શન, જ્ઞાનનો ઘાતક નથી. પ્રગટ થઈ ગયું સમ્યગ્દર્શન, જ્ઞાન એ વિકલ્પ એનો ઘાતક નથી.

મુમુક્ષુ: અખંડિત છે ને? ખંડિત થતો નથી.

પૂ. લાલચંદભાઈ: ખંડિત થતો નથી. ખલાસ! અનુભવ થઈ ગયો પછી સમ્યગ્દર્શન, જ્ઞાન તો રહે છે. એની સાથે સમવ્યાપ્તિ નથી. કે નિર્વિકલ્પધ્યાન હોય ત્યારે જ સમ્યગ્દર્શન હોય એમ નથી. એની સાથે વિષમવ્યાપ્તિ છે. સમ્યગ્દર્શનના કાળમાં તો નિર્વિકલ્પધ્યાન હોય છે, અને એમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પણ પછી સવિકલ્પદશા થાય તો સમ્યગ્દર્શન તો રહે છે, ટકે છે, એની સાથે વિષમવ્યાપ્તિ છે, સમવ્યાપ્તિ નથી. એમ.

આ પ્રશ્ન પૂછ્યો હતો અમે વર્ણીજીને, કે નિર્વિકલ્પધ્યાનમાં, સવિકલ્પમાં પણ અનુભવ થાય કે નિર્વિકલ્પમાં? તો ભૈયા! મિશ્રમાં. એ આ. કોઈપણ વિકલ્પ નથી. નિર્વિકલ્પધ્યાનમાં જ થાય. આમાં પાઠ છે ચોકખો. ચોકખો **સમસ્ત વિકલ્પનો વ્યાપાર અટકી ગયો**, એમાં મિશ્ર ક્યાં રહ્યું? છે કે નહીં? આમાં લખેલું છે, કાં? આ તો અત્યારે વાત વળી આ વિષય ચાલે છે એટલે યાદ કર્યું. આહા! આ એવું છે કે કાં પોતાની યોગ્યતા અને કાં ગુરુગમ. એમાં એનો પણ વાંક નથી. પૂર્વના સંસ્કાર નહીં અને વર્તમાન ગુરુગમ નહીં. નહિતર તો ગુરુ વગર પણ પૂર્વના સંસ્કારથી પ્રાપ્ત થાય છે, અત્યારે, આ કાળમાં. એને નિસર્ગજ સમ્યગ્દર્શન કહેવાય. અને ગુરુની હાજરીમાં પામે, પામે છે તો પોતાથી પણ ગુરુ નિમિત્ત હોય તો એને અધિગમ કહેવાય. આપણા ગુરુદેવને તો પૂર્વના સંસ્કાર હતા, દેશનાલબ્ધિ, નિસર્ગજ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ: સોગાનીજી કો..

પૂ. લાલચંદભાઈ: અધિગમ. સોગાનીજીને અધિગમ સમ્યગ્દર્શન.

મુમુક્ષુ: સમ્યગ્દર્શન તો નૈસર્ગિક જ છે, તોપણ નિમિત્તનું જ્ઞાન કરવા માટે.

પૂ. લાલચંદભાઈ: નિમિત્ત. છે તો નૈસર્ગિક પોતાના સ્વભાવથી. કોઇથી કાંઈ થાય એ તો વાત જ જૈનદર્શનમાં છે નહીં, પણ જ્યારે ઉપાદાન પોતાનું કામ કરે છે ત્યારે કેવા નિમિત્તના યોગમાં કામ કર્યું? કે નિમિત્તના અભાવમાં કામ કર્યું કે નિમિત્તના સદ્ભાવમાં? કામ તો ઉપાદાન કરે છે. નિમિત્ત તો અકિંચિતકર છે. નિમિત્ત ક્યાં એમાં મદદ કરે છે સમ્યગ્દર્શનમાં? આહા!

મુમુક્ષુ: પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તો તે નિર્વિકલ્પના કાળમાં જ થાય છે. પણ ટકાવવા માટે નિર્વિકલ્પની જરૂરત નથી.

પૂ. લાલચંદભાઈ: જરૂરત નથી, બસ. સવિકલ્પમાં ટકે છે, એટલું. પ્રતીતિ આવે છે ને અનુભવપૂર્વક, હું તો જાણનાર છું, કરનાર નથી. બસ. અને જ્ઞેયને જાણે છે ત્યારે જ્ઞાયક જણાયા કરે છે એટલે જ સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કેમ ટકે છે? કે જ્ઞેયને જાણતી વખતે જ્ઞાયક જણાય છે માટે સમ્યગ્જ્ઞાન છે અને જણાય છે તેની પ્રતીતિ રહ્યા કરે છે. જાણવું છૂટી જાય તો પ્રતીતિ છૂટી જાય. ધ્યાન રાખજો આ પોઈન્ટ. અનુભવ થયો. અનુભવ થઈને બહાર આવ્યો, સવિકલ્પમાં. એ તો આવે જ. પછી જ્ઞેયો જણાય છે ત્યારે જ્ઞાયક જણાય રહ્યો છે અને જ્ઞાયક જણાય રહ્યો છે એટલે જાણેલાની પ્રતીતિ રહ્યા કરે છે. સમય સમયનો હિસાબ છે. આ હિસાબ છે તે ધ્યાન રાખજો, સમય સમયનો છે.

મોટલે નથી. કે સમ્યગ્દર્શન થઇ ગયું એટલે થઇ ગયું. ના.. સમયે સમયે સમ્યગ્દર્શન નવું નવું પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાન નવું પ્રગટ થાય છે, પણ ધારાવાહી છે. સમ્યગ્દર્શન પર્યાય છે. પર્યાયનો હંમેશા ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયા જ કરે છે. હવે જુઓ એમાં ન્યાય આપ્યો હમણાં કે જ્ઞેયને જાણવા કાળે જ્ઞાયક જણાય છે જ્ઞાનમાં, તેથી સમ્યગ્જ્ઞાન છે. બે અંશ પ્રગટ થયા છે ને? સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન. તો જ્ઞેયને જાણવાકાળે જાણનાર જણાય રહ્યો છે, ભલે પરિણતિરૂપે, પણ જણાય રહ્યો છે માટે સમ્યગ્જ્ઞાન છે. અને એ જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે એવી પ્રતીતિ પ્રગટ થયા જ કરે છે માટે સમ્યગ્દર્શન છે. આ બે પોઈન્ટ ખાસ માર્કેબલ છે આ બે પોઈન્ટ. સવિકલ્પદશામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન નવું નવું પ્રગટ થયા કરે છે, લે! પણ પ્રગટ થઇ ગયું પછી પ્રગટ થયા કરે છે? ભાઈ! પર્યાય છે આ. કેવળજ્ઞાન પણ નવું પ્રગટ થાય છે, લે!

આ તો સમ્યગ્દર્શન, જ્ઞાન છે પણ સિદ્ધભગવાનને શું છે? કે કેવળજ્ઞાન નવું નવું પ્રગટ થાય છે કે નહીં? પૂર્વનો વ્યય અને ઉત્તરનો (ઉત્પાદ) એવી ને એવી પર્યાય પ્રગટ થાય છે. એમ સમ્યગ્દર્શન પ્રગટ થયું પછી એ સમ્યગ્દર્શનની પર્યાયનો વ્યય અને બીજી પર્યાય એવી સમ્યગ્દર્શનની ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય એમ સમ્યગ્જ્ઞાન ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયા કરે છે. હવે સવિકલ્પદશામાં જાણેલાની પ્રતીતિ થયા કરે છે, કેવી રીતે? કે જ્ઞેયાકર અવસ્થામાં જ્ઞાયકપણે જણાય છે. જાણનારપણે હું છું. એમ પરિણતિમાં જ્ઞાયક જણાય રહ્યો છે. પરિણતિમાં જ્ઞાયક જણાય છે તો જાણેલાની પ્રતીતિ પ્રગટ થયા કરે છે. ખ્યાલ આવ્યો? તમને તો ખ્યાલ આવે જ ને?

મુમુક્ષુ: જાણેલાનું શ્રદ્ધાન કરાવે છે. એમ નહીં પણ સમયે સમયે નવું નવું પ્રગટ થાય છે.

પૂ. લાલચંદભાઈ: હાં, એ મારે કહેવું છે. સમયે સમયે સમ્યગ્દર્શન, જ્ઞાન નવું પ્રગટ થાય છે. એક એક સમયનો હિસાબ અને એક એક સમયની અંતર્મુખદશા. એક સમય જો અંતર્મુખદશા છૂટીને બહિર્મુખ થઈ તો રહેતું નથી. એમ કાંઈ એક વાર થઈ ગયું એટલે નિરાંત, ના ના, નહીં. સાવધાન છે સમ્યગ્દ્રષ્ટિ. નિરંતર સાવધાન છે. આહાહા! થાય છે સહજ પણ એ જ્ઞાનમાં જ્ઞાયક જણાયા જ કરે છે. જણાયા કરે છે અને જાણેલાની પ્રતીતિ થયા કરે છે. જણાયા કરે છે એટલે પ્રતીતિ થયા કરે છે. ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય, ઉત્પન્ન થયા જ કરે છે. આહાહા!

મુમુક્ષુ: જાણનારો જણાય છે એવું એને પ્રતીતિમાં રહ્યા કરે છે.

પૂ. લાલચંદભાઈ: હા, જાણનારો જણાયા કરે છે અને જાણવાના કાળે પ્રતીતિ થયા કરે છે. સમયે સમયે જ્ઞાન જાણે છે જ્ઞાયકને, હોં! જાણેલાની પ્રતીતિ, જાણે તો પ્રતીતિ થાય ને? હવે જ્ઞાન જાણવાનું છોડી દયે તો પ્રતીતિ રહે?

મુમુક્ષુ: ના રહે.

પૂ. લાલચંદભાઈ: હાં, તો જાણવાનું ચાલુ છે માટે પ્રતીતિ પણ ચાલુ છે. આ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો એનો ખુલાસો. એનો ખુલાસો આવે છે. સાધક થઈ ગયો. જ્ઞેય જણાય છે ત્યારે જ્ઞેય જણાય છે? કે ના. જ્ઞેયના કાળે પણ, જ્ઞેય ભલે નિમિત્તરૂપ હો પણ જ્ઞાયક જણાય છે. આહા!

મુમુક્ષુ: એટલે સમ્યગ્જ્ઞાન ચાલુ છે એટલે સમ્યગ્દર્શન ચાલુ છે.

પૂ. લાલચંદભાઈ: બસ. મારે કહેવાનો આશય એ છે અત્યારે. ભલે પરિણતિરૂપે (છે). ઉપયોગ બહાર છે ઇન્દ્રિયજ્ઞાનનો, એનો કાંઈ વાંધો નહીં. એ તો હોય એમાં શું? લડાઈમાં છે તો એને એના જ્ઞાનમાં આત્મા જણાતો નથી? સ્વપર પ્રકાશક જ્ઞાન થઈ ગયું તો સ્વપ્રકાશક તો ઉદય થાય છે. સ્વપર પ્રકાશક છે કે નહીં? બીજી રીતે હવે. કે એકલું પરને જાણે છે સાધક? ના, સ્વપર પ્રકાશક પ્રમાણજ્ઞાન પ્રગટ થઈ ગયું છે. આહા! ભલે આગમ પ્રમાણ. આત્મા તો પણ સમ્યગ્જ્ઞાન છે ને?

મુમુક્ષુ: એટલે સમ્યગ્દર્શન હોય જ સમ્યગ્જ્ઞાનની સાથે.

પૂ. લાલચંદભાઈ: હોય જ. પ્રગટ થયા જ કરે. આહા! શું આ સર્વજ્ઞ ભગવાન સિવાય કોણ કહી શકે? સમય સમયનો હિસાબ. સમયનું જ્ઞાન તો એને છે, હેં! આહાહા! કેમકે उत्पादव्ययध्रौव्ययुक्तं सत् (મોક્ષશાસ્ત્ર / તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૫, સૂત્ર ૩૦) તો એક સમયનો હિસાબ છે ને? उत्पादव्ययध्रौव्ययुक्तं સમયે સમયે સમયે સમયે ઉત્પાદ-વ્યય થયા જ કરે છે. શ્રદ્ધાની પર્યાયનો અને જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય ઉત્પાદ-વ્યય, ઉત્પાદ-વ્યય થયા જ કરે છે - આત્મા આશ્રિત. **(સમસ્ત વિકલ્પોનો વ્યાપાર) વ્યાપાર અટકી ગયો છે એવો છે, તે સમયસાર છે.**

મુમુક્ષુ: વિકલ્પ વિના?

પૂ. લાલચંદભાઈ: વિકલ્પ વિના એમાંય વિકલ્પની કાંઈ જરૂર નથી. વિકલ્પ વિકલ્પમાં છે.

મુમુક્ષુ: એ દશા પણ સમય સમયની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની દશા છે સવિકલ્પમાં, એ પણ નિર્વિકલ્પપણે છે.

પૂ. લાલચંદભાઈ: એનું નામ નિર્વિકલ્પદશા છે. નિર્વિકલ્પ ઉપયોગ નહીં પણ નિર્વિકલ્પદશા છે. જે મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું તે.

મુમુક્ષુ: નિર્વિકલ્પદશા અલગ ચીજ છે, નિર્વિકલ્પ ઉપયોગ અલગ ચીજ છે.

પૂ. લાલચંદભાઈ: અલગ ચીજ છે, બસ.

મુમુક્ષુ: નિર્વિકલ્પદશા તો સવિકલ્પ ઉપયોગમાં પણ રહે છે.

પૂ. લાલચંદભાઈ: હા, સવિકલ્પ ઉપયોગમાં પણ રહે છે. અને નિર્વિકલ્પ ઉપયોગ તો કોઈ વખતે થાય. પાંચ દિવસે, પંદર દિવસે, મહિને. જેમ તેને ૨૬:૫૫ યોગ્યતા પ્રમાણે થયા કરે.

મુમુક્ષુ: નિર્વિકલ્પદશા અને નિર્વિકલ્પ ઉપયોગ

પૂ. લાલચંદભાઈ: બેયમાં ફેર છે.

મુમુક્ષુ: તેમાં તો નિર્વિકલ્પ ઉપયોગમાં તો પ્રત્યક્ષ....

પૂ. લાલચંદભાઈ: પ્રત્યક્ષ આવે છે. ઓલું તો પરોક્ષ છે. આ ગુરુદેવે જે સ્વાધ્યાયની પદ્ધતિ કરી છે. ઉત્તમમાં ઉત્તમ છે. સમ્યગ્દ્રષ્ટિને દ્રઢતાનું કારણ અને મિથ્યાદ્રષ્ટિને સમ્યગ્દર્શનનું કારણ થાય, નિમિત્ત કારણ.

મુમુક્ષુ: ૨૮:૧૫ સવિકલ્પ ઉપયોગ રહેતા નિર્વિકલ્પદશા રહે છે તેમાં પણ તેને વિકલ્પ તો હોય છે ને?

પૂ. લાલચંદભાઈ: છે.

મુમુક્ષુ: તે વિકલ્પ ચારિત્રમાં બાધક....

પૂ. લાલચંદભાઈ: હા..

મુમુક્ષુ: તે વિકલ્પ તૂટે છે તો ચારિત્રની વૃધ્ધિ થાય છે.

પૂ. લાલચંદભાઈ: હા.. બસ. એમ જ છે. તે વિકલ્પ તૂટયો અને નિર્વિકલ્પ થયો તો સમ્યગ્દર્શન, જ્ઞાનમાં વૃધ્ધિ નથી થતી. ચારિત્રમાં વૃધ્ધિ થાય છે. ભરતી આવે છે. તો એટલો બુધ્ધિપૂર્વકનો વિકલ્પ રાગ છૂટી ગયો ને? અંદરમાં ગયો એટલા આનંદની ભરતી આવે છે, તે ટાઇમે અનુભવના કાળમાં. અને સવિકલ્પમાં ઓટ આવે છે આનંદનો. આનંદ જેટલો થયો તે તો છે, એ તો પ્રશ્ન નથી. એક કષાયના અભાવપૂર્વક વીતરાગતા છે, એટલો આનંદ તો છે.

મુમુક્ષુ: નિર્વિકલ્પનો આનંદ અલગ હોય છે. તે સાક્ષાત આનંદ છે.

પૂ. લાલચંદભાઈ: સાક્ષાત.

મુમુક્ષુ: આનંદ જ આનંદ છે.

પૂ. લાલચંદભાઈ: આનંદ જ આનંદ છે એકલો. બસ.

મુમુક્ષુ: તેમાં તો બન્ને ચીજ છે.

પૂ. લાલચંદભાઈ: બરાબર.

મુમુક્ષુ: સમયે સમયે નિર્જરા થાય છે, શુધ્ધિની વૃધ્ધિ થાય છે તમે કહો છો સ્વીકલ્પમાં તે ચાલે છે.

પૂ. લાલચંદભાઈ: કારણ કે પરિણતિમાં જ્ઞાન, દર્શન તો પ્રગટ થાય છે, ચાલુ છે અને સ્થિરતાનો અંશ પણ વધે છે. શું કહ્યું? શુધ્ધિની વૃધ્ધિ સમયે સમયે વૃધ્ધિ થાય છે. શુધ્ધિની વૃધ્ધિ થાય છે તે ચારિત્રનો ભેદ છે. જ્ઞાનની વૃધ્ધિની સાથે નિર્જરાનો સંબંધ નથી.

મુમુક્ષુ: શુધ્ધિની વૃધ્ધિ, ચારિત્રની વૃધ્ધિ.

પૂ. લાલચંદભાઈ: હં.. તે સમ્યગ્દર્શન તો સો ટકા શુધ્ધ થઈ ગયું. તેમાં તો નિર્જરાનો પ્રશ્ન પણ નથી. હવે નિર્જરા થાય છે (તો) ચારિત્રની અપેક્ષાએ થાય છે.

મુમુક્ષુ: જ્ઞાનની વૃધ્ધિની સાથે નિર્જરાનો સંબંધ નથી, લીનતાની સાથે નિર્જરાનો સંબંધ છે.

પૂ. લાલચંદભાઈ: હં.. સંબંધ છે. અને સમ્યગ્દર્શન તો પૂર્ણ થઈ ગયું. તેમાં નિર્જરાનો પ્રશ્ન નથી. નિર્જરા શેમાં થાય છે કે જે મિશ્ર અવસ્થા હોય છે. થોડો વીતરાગભાવ અને થોડો રાગભાવ. તો રાગ ઘટે છે અને વીતરાગતા વધે છે તેનું નામ નિર્જરા છે.

મુમુક્ષુ: ચારિત્રમાં જ લાગુ પડે છે.

પૂ. લાલચંદભાઈ: ચારિત્રમાં લાગુ પડે છે સાધકને મુખ્યપણે. પછી સુખ અને દુખમાં ઘટાવો જુદી વાત. મૂળ તો આ. એ તો સાઇડમાં સાઇડમાં, મૂળ આ છે. શુધ્ધિની વૃધ્ધિ ચારિત્રગુણની પર્યાયમાં જે સમ્યગ્દર્શનના કાળે જેટલી લીનતા થઈ, સમજો. દસ ટકા લીનતા થઈ, હેં! તો હવે સવિકલ્પદશામાં આવ્યો તો સમયે સમયે દસનાં અગીયાર ટકા, બાર ટકા લીનતા વધતી જાય છે સવિકલ્પમાં પણ. તો શુધ્ધિની વૃધ્ધિ લાગુ પડે. નિર્વિકલ્પધ્યાનમાં જ શુધ્ધિની વૃધ્ધિ થાય અને સવિકલ્પમાં શુધ્ધિની વૃધ્ધિ અટકી જાય એમ નથી.

મુમુક્ષુ: આપે એક વાર કહ્યું હતું નિર્વિકલ્પમાં તો આમ દસ ટકા એક સાથે થઈ જાય.

પૂ. લાલચંદભાઈ: હા, એકદમ વધી જાય.

મુમુક્ષુ: આમાં બહુ સ્લોલી વધે છે.

પૂ. લાલચંદભાઈ: આમાં ધીમે વધે છે. એકદમ ધીમે. એને ખબર ન પડે. એને ખબર ન પડે. કેવળીગમ્ય છે. પણ શુધ્ધિની વૃધ્ધિ સમયે સમયે થાય છે સંવરપૂર્વક, જો સંવરપૂર્વક શુધ્ધિની વૃધ્ધિ સમયે સમયે થાય છે તો તમારે ચારિત્રની લીનતા લેવી જ પડે. સમ્યગ્દર્શન તો પૂરું થઈ ગયું. એમાં નિર્જરા શું? સમ્યગ્જ્ઞાન બંધ-મોક્ષનું કારણ નથી એમાં નિર્જરા શું?

મુમુક્ષુ: સમ્યગ્જ્ઞાન બંધ-મોક્ષનું કારણ નથી?

પૂ. લાલચંદભાઈ: કાંઈ બંધ-મોક્ષનું કારણ નથી. જાણે જાણે છે, બસ. એ તો જાણનાર છે.

મુમુક્ષુ: આ શું કહી દીધું?

પૂ. લાલચંદભાઈ: છતાં સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ છે સાથે. પણ સમ્યગ્જ્ઞાન છે ને બેન! એ તો જાણવાનું કામ કરે છે. આહાહા! ખરેખર તો એને કષાય પહેલા પણ લાગુ નથી પડયો અને હવે કષાય લાગુ પડતો પણ નથી એ તો ઉપયોગ લક્ષણ છે. પણ આત્માને જાણ્યો માટે સમ્યગ્જ્ઞાન, આત્માને નહોતો જાણતો માટે અજ્ઞાન. એમ.

મુમુક્ષુ: એમાં એટલું જ છે. બિલકુલ સાચું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં આ વાત કહી છે. ગુણસ્થાનની વૃધ્ધિ ક્ષયોપશમ જ્ઞાનથી નથી થતી.

પૂ. લાલચંદભાઈ: નથી થતી.

મુમુક્ષુ: ઉપર ઉપરના ગુણસ્થાનમાં લીનતાની વિશેષતા છે.

પૂ. લાલચંદભાઈ: વિશેષતા છે.

મુમુક્ષુ: બીજું કાંઈ નથી.

પૂ. લાલચંદભાઈ: બસ.

મુમુક્ષુ: ઔદયિક ભાવોથી ગુણસ્થાનની ઓળખાણ નથી થતી અને ક્ષયોપશમ જ્ઞાનથી ગુણસ્થાનની ઓળખાણ નથી થતી.

પૂ. લાલચંદભાઈ: નથી થતી. બરાબર છે.

મુમુક્ષુ: તેમાં લીનતા વિશેષ થાય છે. ઉપર ઉપરના ગુણસ્થાનમાં.

પૂ. લાલચંદભાઈ: લીનતા. સમજો માતુષ અને મારુષ. જ્ઞાન તો કાંઈ વધ્યું નહીં. છતાં કેવળજ્ઞાન થઈ ગયું શું કામ? લીનતા એનું કારણ. જ્ઞાનને કારણે નહીં. શુધ્દ્રિની વૃધ્દ્રિ જ્ઞાનને કારણે ક્યાં થઈ તો તો એને શુધ્દ્રિની વૃધ્દ્રિ થાવી જ ન જોઈએ.

મુમુક્ષુ: થાવી જ ન જોઈએ. જ્ઞાન ક્યાં હતું?

પૂ. લાલચંદભાઈ: ક્યાં જ્ઞાન હતું.

મુમુક્ષુ: બહુ જ ઓછું.

પૂ. લાલચંદભાઈ: બહુ જ ઓછું. અલ્પ.

મુમુક્ષુ: પણ જેટલું હતું એ બધું જ્ઞાયકમાં ડૂબાડી દીધું.

પૂ. લાલચંદભાઈ: ડૂબાડી દીધું. સ્થિરતા મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ છે તે સ્થિરતારૂપ છે. લીનતારૂપ તે ચારિત્રની અવસ્થા છે.

મુમુક્ષુ: જીવ જેમ જેમ વિજ્ઞાનઘન થતો જાય છે તેમ તેમ આસ્ત્રવોથી નિવર્તતો જાય છે.

પૂ. લાલચંદભાઈ: તે ચારિત્ર. તે ચારિત્ર અપેક્ષાએ છે. તેમ તેમ આસ્ત્રવોથી નિવર્તે છે. કયા પ્રકારના આસ્ત્રવ છે એને? મિથ્યાત્વ તો છે નહીં, જ્ઞાનમાં તો આસ્ત્રવ લાગુ પડતો નથી. મિથ્યાત્વ પછી અવ્રત, કષાય અને યોગ. ત્રણ પ્રકારના આસ્ત્રવ છે. હેં! તો આસ્ત્રવોથી નિવર્તે છે ને? અવ્રતના અંશથી કષાયના અંશથી નિવૃતે છે. તો એ તો સ્થિરતા થાય ત્યારે થાય ને?

મુમુક્ષુ: બરાબર અવ્રત કષાય તો ચારિત્રની વાત છે.

પૂ. લાલચંદભાઈ: ચારિત્રનો દોષ છે, હં.. પછી ગુણસ્થાનની વૃધ્દ્રિ ચારિત્રથી જ છે. ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શનનું છે, પછી પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, દસમું, બારમું એ ચારિત્રની વૃધ્દ્રિ છે. પાંચમે સમ્યગ્દર્શન વધતું નથી.

મુમુક્ષુ: સમ્યગ્દર્શન તો ચોથે પૂરું થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: સમ્યગ્દર્શન તો પૂરું થઈ ગયું.

મુમુક્ષુ: વિપરીતતાના શલ્ય પડે છે.

પૂ. લાલચંદભાઈ: બસ બસ એટલું જ. બીજું કાંઈ છે નહીં, તેમાં બે ભેદ છે નહીં.

મુમુક્ષુ: એ તો લીનતાનો પ્રયાસ ચાલુ રહે છે. સમ્યગ્દર્શન..

પૂ. લાલચંદભાઈ: એટલે ગુણસ્થાન જે ચોથેથી પાંચમું આવ્યું એ ચારિત્રને કારણે, છઠું આવ્યું એ ચારિત્રને કારણે, સાતમું આવ્યું એ ચારિત્રને કારણે. સમ્યગ્દર્શન, જ્ઞાન એ તો છે એ છે. લીનતા વધતી ગઈ. એકાગ્રતા ધ્યાનમાં વધી ગઈ. પછી પ્રયોગ એકાગ્રતાનો છે. સમ્યગ્દર્શન પછી શું પ્રયોગ છે, એમ સાધકને. વારંવાર ઉપયોગને અંદરમાં ઢાળે છે. એ તો સહજ છે, પણ આ તો ઉપદેશમાં બીજું શું કહેવાય. ધ્યાનમાં બેસે છે ત્યારે ઉપયોગમાં એ જ્ઞાયકને જ લ્યે છે. અને કોઈ કોઈ વખતે એમાં નિર્વિકલ્પધ્યાન આવી જાય છે, સહજ.

**તે સમયસાર છે; ખરેખર આ એકને જ**, લે. આત્માને જ. ઉપર કહ્યું ને? ઉપરમાં આને જ. સમયસારને જ. એમ શબ્દ હતો. '**एषः**' એનો અર્થ કરે છે. હવે આ બીજા પદનો અર્થ ચાલ્યો. પહેલો પદ પૂરો થઈ ગયો. આને જ, આવ્યું ને? **ખરેખર આ એક ને જ**. એટલે સમયસારને જ, એટલે શુધ્ધાત્માને જ, **કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે.** આવા જે શુધ્ધાત્માનો જે અનુભવ થયો એવો જે આત્મા તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું નામ મળે છે. આહા! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદા નથી, એક જ છે. ધ્યેયપૂર્વક જ્ઞેય થયું. આમાં પણ ધ્યેયપૂર્વક જ્ઞેય આવ્યું, લ્યો! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપે પરિણમે છે એને આત્મા કહ્યો, અભેદનયે એ જ્ઞેય થઈ ગયું, એમ.

મુમુક્ષુ: જ્ઞેયના બે નામ છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞેયના બે નામ છે. ધ્યેય તો એક જ છે, ધ્રુવ પરમાત્મા. બધે નીકળે છે આ એક જ. ધ્યેયપૂર્વક જ્ઞેય થાય છે. કેમકે પર્યાય સહિત જો આત્મા થાય તો દ્રષ્ટિનો વિષય નહીં રહે. અરે! દ્રષ્ટિનો વિષય સાચો થશે. અનુભવના કાળે દ્રષ્ટિનો વિષય સાચો થાય છે. અનુભવ પહેલા દ્રષ્ટિનો વિષય ખોટો છે તારી પાસે. વિકલ્પ છે, પક્ષ છે તારો. આહાહા!

કુદરતી આપણે સ્વાધ્યાયમાં ઘણું સ્પષ્ટ થઈ જાય છે. ધાર્યું ન હોય એવું સ્પષ્ટ થયા કરે છે. વિષય જ્યારે સામે આવે ને એ પ્રકારનો ત્યારે વધારે સ્પષ્ટ થાય છે. ખરેખર. આહા! "પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના". એ શબ્દ વાપર્યો છે તે બરાબર છે. બહુ શાંતિ અને ધીરજથી, હવે આ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એને આત્મા કહેવો, પણ એ તો પરદ્રવ્ય છે ને? એ તો પર્યાય છે ને? એ તો પુદગલના પરિણામ છે ને? ભાઈ! તને બાપુ ખબર નથી. તું પક્ષમાં ચડી ગયો છો. આ પક્ષથી પતે નહીં. આપણે જ્ઞાનીની પાછળ જાવું. જ્ઞાનીની હારે હારે એ આપણને દોરે ને, આહા! આપણે એની આંગળીએ છીએ. આપણે બાળક છીએ. પ્રભુ! આપની આંગળીએ અમને રાખજો. આહાહા! અમારી આંગળી પકડી રાખજો અમે તમારી હારે હારે ચાલશું. એમ હોવું જોઈએ. જ્યારે પર્યાયને આત્મા કહે છે ફટાક સ્વીકાર કરી લેવો જોઈએ, ફટાક! હા!

મુમુક્ષુ: નિયમસારમાં એને પરદ્રવ્ય કહે છે ત્યારે પણ, ઓહોહો!

પૂ. લાલચંદભાઈ: પ્રભુ! પ્રમાણ વચન. પરદ્રવ્ય જ છે. એ કર્મકૃત છે? તો કહે હા, કર્મકૃત છે. કેમકે ભેદ છે. અહીંયા અભેદથી આત્મા કહે છે. ભેદથી આહા! પરદ્રવ્ય કહ્યો એ જ ભેદને અભેદ કરીને આત્મા કહે છે. આ એક અપૂર્વ ચીજ છે.

મુમુક્ષુ: અતિ અપૂર્વ.

પૂ. લાલચંદભાઈ: અતિ અપૂર્વ. આ છે માલ. ભેદ દેખાતો નથી અભેદ થઈ ગયો આત્મા. દ્રવ્ય-પર્યાયનો ભેદ અસ્ત થઈ ગયો. બેન! આહાહા! આ દ્રવ્ય અને આ પર્યાય એ ક્યાં છે? આહા!

મુમુક્ષુ: પરદ્રવ્ય (પર્યાયને) કહેતાં પણ ૪૦:૫૫ પ્રયોજનની સિદ્ધિ છે, અને એક અભેદ આત્મા કહે ત્યાં પણ પ્રયોજનની સિદ્ધિ છે.

પૂ. લાલચંદભાઈ: ત્યાં ધ્યેયની સિદ્ધિ કરવી હતી અહીંયા જ્ઞેયની સિદ્ધિ કરવી છે. હવે આ કોને કહેવું? ત્યાં ધ્યેયની સિદ્ધિ કરવી છે અને અહીંયા ધ્યેયપૂર્વક જ્ઞેયની સિદ્ધિ કરવી છે. જ્ઞેય કહે ત્યારે પરદ્રવ્ય ન હોય આત્મા જ હોય. આહાહા! શાંતિથી વિચારે તો બેસે એવું છે.

પર્યાયથી સહિત, તરત જ સ્વીકાર કર્યો, પ્રમાણ વચન. પ્રભુ! આપ કહો છો એ બરાબર છે. જુઓ! શિષ્યને કહે છે આ પર્યાય નથી, હોં! બરાબર છે, પ્રભુ! આત્મા છે. પ્રમાણ વચન. હું પર્યાયને હવે જોતો નથી, હું તો આત્મા તરીકે જોઉં છું. આપે કહ્યું (તે) મને મંજૂર છે. આહાહા! એમ ન કહે કે કાલે તમે પર્યાયને પરદ્રવ્ય કહ્યું હતું અને આજે પર્યાયને તમે આત્મા કહો છો.

મુમુક્ષુ: એ તો પર્યાયના ભેદને પરદ્રવ્ય કહ્યું.

પૂ. લાલચંદભાઈ: પર્યાયના ભેદને પરદ્રવ્ય કહ્યું, પર્યાય અભેદ થાય તો આત્મા છે. આહાહા! માલ છે આમાં, માલ છે.

મુમુક્ષુ: અભેદના લક્ષથી અભેદ થાય જ.

પૂ. લાલચંદભાઈ: થાય જ. અભેદના લક્ષે અભેદ થાય છે. એક જૂનું અભેદ અને એક નવું અભેદ. અભેદ છે અને અભેદ થાય છે. અભેદ છે અને અભેદના લક્ષે અભેદ થાય છે અને થયા કરે છે વિશેષ. ઠેઠ (અંત) સુધી.

મુમુક્ષુ: થાય છે અને થયા કરે છે.

પૂ. લાલચંદભાઈ: ઠેઠ (અંત) સુધી, પૂર્ણ થાય નહી ત્યાં સુધી થયા કરે છે. આહાહા! સમયસાર તો સમયસાર છે. **ખરેખર આ એકને જ.** આ શુદ્ધાત્માનો અનુભવ થયો એકને જ, **કેવળ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન**, એટલે આનું નામ જ સમ્યગ્દર્શન, જ્ઞાન છે કેવળ. બીજું સમ્યગ્દર્શન, જ્ઞાન નથી. એમ કહે છે. સાત તત્ત્વનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન નથી. આત્માનો અનુભવ અને અનુભવપૂર્વક પ્રતીતિ એનું નામ સમ્યગ્દર્શન છે. એમ. **નામ મળે છે. (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમયસારથી જુદા નથી, એક જ છે)**. આહાહા! આત્માથી આત્માઆશ્રિત પરિણામ જુદા નથી. "જેનું જે હોય તે તે જ હોય". "આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે". એ આ. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા છે. જ્ઞાનની પર્યાયને આત્મા કહ્યો અહિયાં.

મુમુક્ષુ: એનું નામ સમ્યગ્જ્ઞાન છે.

પૂ. લાલચંદભાઈ: એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આત્મા નામ પડે ત્યારે સમ્યગ્જ્ઞાન. જ્ઞાનની પર્યાયનું નામ પડે તો સમ્યગ્જ્ઞાન નથી હજી.

મુમુક્ષુ: પર્યાય નામ પડે તો તો ભેદ થઈ ગયો.

પૂ. લાલચંદભાઈ: હં... ભેદ થઈ ગયો, એ તો પરદ્રવ્ય થઈ ગયું.

મુમુક્ષુ: આત્મા નામ પડે ત્યારે એનું નામ સમ્યગ્જ્ઞાન સમયસાર છે.

પૂ. લાલચંદભાઈ: સમ્યગ્જ્ઞાન છે, સમયસાર છે. આ જો મધ્યસ્થ હોય ને તો આ બીજું પડખું ખ્યાલમાં આવે. જો મધ્યસ્થ ન હોય, પક્ષપાતે ચડી ગયો હોય તો આ ન સમજાય એને.

મુમુક્ષુ: એનો ભાવ જ ન બેસે.

પૂ. લાલચંદભાઈ: ભાવ ન બેસે. પણ આ લખનાર કોણ છે? જે પર્યાયને પરદ્રવ્ય કહે છે એ જ પુરુષ પર્યાયને સ્વદ્રવ્ય કહે છે, આત્મા કહે છે. તું વિચાર તો કર!

મુમુક્ષુ: શું છે આ બધુ?

પૂ. લાલચંદભાઈ: આ બધુ શું છે? ઘડિકમાં એને પરદ્રવ્ય કહે અને ઘડિકમાં કહે આત્મા જ છે. એ શું છે? એ સમજવાનો તું પ્રયત્ન કર. તને ન સમજાય તો સમજવાનો પ્રયત્ન કર તું. આહા! પણ એની આંગળીએ ચાલજે, પાછળ રહીશ નહીં. આહાહા! તો પહોંચાશે. એનો કહેવાનો આશય, એની અપેક્ષા તું તારા જ્ઞાનમાં ગ્રહણ કરી લે તો કાંઈ વિરોધ નહીં રહે, ઊલટાનો વિરોધ ટળી જાશે, તને આનંદ આવશે. હવે આ તો કેવળમાત્ર જે ગાથામાં અન્વયાર્થ હતો એની જ ટીકા કરી થોડા શબ્દોમાં. સાડા ત્રણ લીટીમાં, ત્રણ લીટીમાં કરી એની ટીકા. હવે આ અમૃતચંદ્ર આચાર્યની પદ્ધતિ એવી છે કે પૂરું સ્વરૂપ બતાવી દયે છે અને કર્તા-કર્મ અધિકાર છેલ્લી ગાથા, પૂરી થાવાની છે. એટલે અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને, જીવે પ્રથમ શું કરવું? પ્રથમ અને પશ્ચાત. એમાં બે શબ્દ છે.

રહસ્યપૂર્ણ ચિટ્ટીમાં પ્રથમ, પશ્ચાત અને તતપશ્ચાત એવા ત્રણ પ્રકાર પાડ્યા છે. અહીંયા બે પ્રકાર પાડ્યા છે. પ્રથમ અને પછી. બે શબ્દ. પ્રથમ શબ્દ છે. જુઓ! આ લીટીની શરૂઆતમાં **પ્રથમ** અને આ લીટીને છેડે **પછી**. એમ છે. આ લીટી એક જ છે. તમારે નહીં હોય, ગુજરાતીમાં છે. **પ્રથમ** અને લીટીને છેડે **પછી**, એમ. તો પ્રથમ શું કરવું? આત્માને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવા માટે શું કરવું? કે કષાયની મંદતા કરો તો પાત્રતા થાય, તો કહે નહીં ખોટી વાત છે. લાઇન ખોટી છે તારી.

પ્રથમ અહીંયા શું કરવું તે કહી દીધું છે. કોઇ ગમે તેમ ગપ્પાં મારે તો નહીં ચાલે. કષાયની મંદતા કરો તો પાત્રતા, સમ્યગ્દર્શનનો પાત્ર થઈ ગયો, ના. ખોટી વાત છે. આમાં ચોખ્ખું કર્યું છે. પાત્રતાની વાત કરી છે. **પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી,** આહાહા! એટલે કે દ્રવ્યશ્રુતના અવલંબનથી જે જ્ઞાન પ્રગટ થાય, એમ. **શ્રુતજ્ઞાનના અવલંબનથી** એટલે દ્રવ્યશ્રુતના, જિનવાણીના નિમિત્તે, આહાહા! જે એને માનસીક જ્ઞાન પ્રગટ થાય, એમ. એના વડે, શ્રુતજ્ઞાનના અવલંબન વડે, જિનવાણીના અવલંબન વડે માનસીક જ્ઞાનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને. આહાહા!

કષાયની મંદતા કરીને એમ લખ્યું નથી. હું જ્ઞાન સ્વભાવી આત્મા છું. આહાહા! નિર્ણય કરી લે, નિશ્ચય કરી લે, નિર્ધાર કરી લે, હું જ્ઞાનસ્વભાવી આત્મા છું. હું જાણનાર દેખનાર છું. હું કરનાર ભોગવનાર નથી. આહાહા! એક લીટીમાં બધુ કહી દીધું. આ વ્યવહાર કહ્યો, આ વ્યવહાર. હું જ્ઞાનસ્વભાવી આત્મા જાણનાર દેખનાર છું, કરનાર નથી. એવો જે નિર્ણય વિકલ્પાત્મક, એનું નામ વ્યવહાર છે. કષાયની મંદતા કરવી, ઉપવાસ કરવા, જાત્રા કરવી, આહાહા! એ ચારિત્રની કષાયમાં મંદતા થાય એ પાત્રતા નથી. એ ચારિત્રની મંદતાનો કરનાર હું નથી, હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું.

એમ નિર્ણય કર.

મુમુક્ષુ: નિર્ણય પણ કેવો અલૌકિક છે.

પૂ. લાલચંદભાઈ: અલૌકિક નિર્ણય કે એની પાછળ અનુભવ આવે, આવે ને આવે જ. અફર નિર્ણય છે આ. આ વ્યવહાર છે.

મુમુક્ષુ: વ્યવહાર પણ કેવો છે?

પૂ. લાલચંદભાઈ: કેવો વ્યવહાર! કે અનુકૂળ. અનુકૂળ, નિશ્ચયને અનુકૂળ વ્યવહાર, એને વ્યવહાર કહેવાય. કષાયની મંદતા એ નિશ્ચયને પ્રતિકૂળ વ્યવહાર છે. એ તો કર્તાબુદ્ધિ પોષાય છે એમાં. મિથ્યાત્વ પોષાય છે. પાત્રતા ક્યાં આવી? આહા! ગપ્પાં મારે બધા. કાંઈ ખબર નથી. ચોખ્ખો આ વ્યવહારની વાત છે. નિર્ણય કરવો એ વ્યવહાર છે. ૭૩ ગાથામાં પણ નિર્ણયની વાત કરી છે. પછી અનુભવ લીધો છે. ૭૩ ગાથા. આહા!

મુમુક્ષુ: જ્ઞાની વિચારે છે.

પૂ. લાલચંદભાઈ: જ્ઞાની વિચારે છે. એ વાત અહીં કરી. **પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી**, કેમકે પ્રથમ સીધુ આત્માનું અવલંબન નથી આવતું. આટલો વ્યવહાર આવીને વહ્યો જાય છે. આટલો વ્યવહાર આવીને વહ્યો જાય છે. સીધું આત્માનું અવલંબન નથી આવતું. આહાહા!

તમે વ્યવહારને માનો છો? વાંચને ૧૪૪ ગાથા. તને ખબર પડે કોનું નામ વ્યવહાર. તું કહે છે કે કષાયની મંદતા થાય એ પાત્રતા ને વ્યવહાર એ ખોટી વાત છે, એ તો મિથ્યાત્વના પોષણની વાત છે. મિથ્યાત્વ પોષાય એનું નામ વ્યવહાર નહીં. આહાહા! આવા નિર્ણયમાં મિથ્યાત્વ ગળતું જાય, એકદમ ગળે છે. કષાય ગળે. અમે કષાયની વાત કરીએ છીએ પણ તું ચારિત્રના કષાયની વાત કરે છે. અમે મિથ્યાત્વના કષાયની વાત કરીએ છીએ. આહા!

મુમુક્ષુ: ચારિત્રનો કષાય ગળવાનો પણ આ જ ઉપાય છે ને?

પૂ. લાલચંદભાઈ: આ જ ઉપાય છે, પણ સમ્યગ્દર્શનને માટે મિથ્યાત્વ ગળે અને મિથ્યાત્વ ગળે યથાર્થ નિર્ણય કરે તો. પછી ટળી જાય.

મુમુક્ષુ: અમૃતચંદ્રઆચાર્યને બધી ખબર છે.

પૂ. લાલચંદભાઈ: અરે! એને તો ખબર છે કે અજ્ઞાનીઓ આવા ગપ્પાં મારશે બેઠા બેઠા. શ્રુતજ્ઞાન વડે, આહાહા! અવલંબન વડે પ્રથમ હું જ્ઞાયક છું. જ્ઞાતા-દ્રષ્ટા છું. જાણનાર છું કરનાર નથી. એ નિર્ણય છે.

મુમુક્ષુ: આહાહા! એમાં પણ આત્મા ઉપર આવી જાય છે.

પૂ. લાલચંદભાઈ: ઉપર આવે છે. બસ. ઉપસી આવે છે. **પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને**, નિર્ણય કરીને, નિર્ણય કરીને, નિર્ધાર કરીને, નિશંક થઈને, વ્યવહારે નિશંક ભલે, પણ નિશંક થઈને.

મુમુક્ષુ: તોપણ જ્ઞાનસ્વભાવી છું એમાં તો નિશંક તો હોવો જોઈએ ને?

પૂ. લાલચંદભાઈ: હોવો જોઈએ ને? કહે કથંચિત જ્ઞાનસ્વભાવી ને કથંચિત રાગસ્વભાવી? એમ નહીં. કથંચિત જ્ઞાતા ને કથંચિત કર્તા નહીં, સર્વથા જ્ઞાતા છું ને કર્તા નથી. નિર્ણયમાં આવી

જાય છે આ.

મુમુક્ષુ: ઘણું ઘણું કરીને હું જ્ઞાનસ્વભાવી છું એટલો નિર્ણય કરવો.

પૂ. લાલચંદભાઈ: એટલો નિર્ણય કરવાનો છે.

મુમુક્ષુ: સોએ સો ટકા ભાસવું જોઈએ કે હું જ્ઞાન સ્વભાવી જ છું.

પૂ. લાલચંદભાઈ: ભાસવું જોઈએ, અંદરમાં એને ભાસવું જોઈએ. આહા!

મુમુક્ષુ: નિર્ણય પણ કેવો કે એનું મિથ્યાત્વ ગળે જ.

પૂ. લાલચંદભાઈ: ગળે છે. સ્વભાવના પક્ષમાં આવી ગયો ને આ. વિભાવથી ખસી ગયો સ્વભાવના પક્ષમાં આવી ગયો. પરદ્રવ્યથી ખસીને સ્વદ્રવ્યમાં આવ્યો આ તો.

મુમુક્ષુ: વિભાવથી ખસીને સ્વભાવમાં આવ્યો.

પૂ. લાલચંદભાઈ: પરદ્રવ્યથી ખસીને સ્વદ્રવ્યમાં આવ્યો.

મુમુક્ષુ: નિર્ણયમાં પણ એટલું થઈ ગયું.

પૂ. લાલચંદભાઈ: હં....

મુમુક્ષુ: ખરેખર ભાઈ! નિર્ણયમાં જ પુરુષાર્થ છે.

પૂ. લાલચંદભાઈ: નિર્ણયમાં પુરુષાર્થ છે. ઓલું સહજ છે. વાત સાચી છે તારી. ખરેખર, ઓલું એકાએક થાય છે.

મુમુક્ષુ: આપે એકવાર દેવલાલીમાં કહ્યું હતું. કોઈ નિર્ણય કરતું નથી. બધાને સાંભળવું છે, સાંભળવાની રુચિ છે પણ નિર્ણય કોઈ નથી કરતું. નિર્ણયની કેટલી કિંમત છે.

પૂ. લાલચંદભાઈ: નિર્ણયની પાછળ સંધ્યા! એવો એક અપૂર્વ નિર્ણય આવે છે યથાર્થ, એની પાછળ સમ્યગ્દર્શન આવે જ. સમ્યગ્દર્શન બંધાયેલું છે. એવો નિર્ણય આવે છે. નિર્ણયની પાછળ સમ્યગ્દર્શન આવશે એમ નિર્ણાયવાળાને ખબર પડી જાય. એટલું તો જ્ઞાન એનું નિર્મળ થઈ ગયું છે. પોતાને ખબર પડી જાય કે હવે સમ્યગ્દર્શન થોડા દિવસોમાં જ થશે. એમ. જાજો કાળ નહીં જાય. એને ખબર પડે છે. એવું એનું જ્ઞાન મિથ્યાત્વ ગળી ગયું ને? સ્વભાવ છે એવો નિર્ણય કર્યો ને? એટલે એ જ્ઞાનની સ્વચ્છતા થાય છે એટલી. એમાં ભાવિ પર્યાયનો ભાસ વર્તમાનમાં થાય છે.

જેમ સાધકને કેવળજ્ઞાનનો ભાસ થાય છે એમ આ સમ્યકત્વની સન્મુખ થઈ ગયો જીવ એને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થશે એવો ભાસ થઈ જાય છે. પંચાધ્યાયીએ કહ્યું એમાં ચિરમ અચિરમ થોડા કે વધારે કાળમાં આ જીવ સમ્યકત્વ પામશે જ. એમ. અને નૈગમનયે પામી ગયો. એમ નૈગમનય લાગુ પડે અપ્રતિહત છે એ. એમ છે. એનું નામ આ વ્યવહાર છે, કે જે વ્યવહારનો વ્યય થઈને નિશ્ચય પ્રગટ થાય. વ્યવહાર લંબાય નહીં પછી. વ્યય થશે. આ વિકલ્પનો અભાવ થઈને નિર્વિકલ્પ આવવાનું છે. આહાહા!

**પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને**, **પછી,** પછી શું કરવું? **પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે,** ઓમાં પરોક્ષ પ્રસિદ્ધિ હતી. "જીવવસ્તુ ચેતનાલક્ષણથી જીવને જાણે છે". જ્ઞાનમાં બાળગોપાળ સૌને જ્ઞાયક જણાય છે. એ પરોક્ષ અનુભૂતિ હતી. હવે? આહા! **પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે**, ઓલી અપ્રગટ પ્રસિદ્ધિ તો હતી.

આહાહા! શું આ સમયસાર લખી ગયા છે, હેં! અપ્રગટ પ્રસિદ્ધિ આત્માની થઈ ગઈ.

મુમુક્ષુ: નિર્ણયમાં જ થઈ ગઈ.

પૂ. લાલચંદભાઈ: નિર્ણયમાં જ થઈ ગઈ.

મુમુક્ષુ: પરોક્ષ પ્રતીતિ તો આવી ગઈ.

પૂ. લાલચંદભાઈ: આવી ગઈ. હવે પ્રત્યક્ષ પ્રસિદ્ધિ આવે છે. શાંતિભાઈ પણ નસીબદાર! ત્યાં રખડવા ન ગયા ને અહીં આવી ગયા. ભાગ્યશાળી, આહાહા!

મુમુક્ષુ: વિષય પણ ઊંચામાં ઊંચો ચાલે છે.

પૂ. લાલચંદભાઈ: હા. **પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો,** આહાહા! જોયું? પરને જાણવાનો નિષેધ આવે છે હવે. આમાં જ છે બધું, આ આપણે ઘરની ક્યાં કાંઈ વાત કરીએ છીએ. શાસ્ત્રમાં લખ્યું છે અને આત્મામાં આમ થાય છે. પછી શું? પર પદાર્થની પ્રસિદ્ધિના કારણ. પરપ્રસિદ્ધિ પર પદાર્થને કોણ પ્રસિદ્ધ કરે છે? આહાહા! **જે ઇન્દ્રિયદ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ**, આહાહા! પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું મન બેય લય લીધું, હોં! પાંચ ઇંદ્રિયમાં રૂપી પદાર્થ લીધો અને મનમાં રૂપી અરૂપી બેય લઈ લીધા, ધર્માસ્તિકાય આદિ. **મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને**, આહા! પાંચ ઇન્દ્રિયનો વ્યાપાર બંધ અને મનનો વ્યાપાર પણ બંધ થાય છે. જુઓ! **બધીને મર્યાદામાં લાવીને**, એનો અર્થ એ કે એ મર્યાદા બહાર ગયું હતું જ્ઞાન. ઇન્દ્રિયજ્ઞાન છે ને? એ આત્માને છોડી અને પરમાં પ્રસિદ્ધ કરે છે એ મર્યાદાની બહાર ગયું. આહા! **મર્યાદામાં લાવીને**, આહા! **જેણે.**

મુમુક્ષુ: એ આપ લ્યો છો ને પ્રમાણની બહાર.

પૂ. લાલચંદભાઈ: હા, પ્રમાણની બહાર બંધ થઈ ગયું. પરનું જાણવું બિલકુલ બંધ થઈ ગયું. ઇંદ્રિયજ્ઞાનનો વ્યાપાર બંધ થઈ ગયો. આહા! **બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વને (-મતિજ્ઞાનના સ્વરૂપને) આત્મસન્મુખ કર્યું છે એવો**, મતિજ્ઞાનનો ઉપયોગ જે બહાર જાતો હતો એ મતિજ્ઞાનનો ઉપયોગ રોકાય જાય છે. પરને જાણવાનું અટકી જાય છે. પાંચ ઇન્દ્રિય અને છઠા મન દ્વારા મતિજ્ઞાન કામ કરતું હતું. હું પરને જાણતો નથી. એ મતિજ્ઞાનમાં પરની પ્રસિદ્ધિ અટકે છે. પછી મતી પૂર્વક શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. આહાહા! **તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતાં અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને** (**શ્રુતજ્ઞાન-તત્વને પણ આત્મસંમુખ કરતો**).